ગ્રામ પંચાયતોના વિભાજન કરવાની સમયમર્યાદા
નક્કી કરવા બાબત..

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્રક્રમાંક: પરચ- ૨૦૦૦- ૨૮૮૮- ચ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૬-૫-૨૦૦૧.

**પરિપત્ર :-**

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૭ ની જોગવાઇથી મળેલ સત્તાની રુએ ગ્રામ પંચાયતનું વિભાજન કરવાની સત્તા સરકારશ્રીને મળેલ છે. ગ્રામ પંચાયતના વિભાજન અંગેની દરખાસ્તો સરકારશ્રીને મળતા કોઇપણ ગ્રામ પંચાયતનું વિભાજન કરવું કે નહિ તે અંગેનો નિર્ણય લેવામાં આવે છે. ચુંટણી થયા પછી નવીન રચાયેલ ગ્રામ પંચાયતને વહીવટ કરવાનો અધિકાર છે. પરંતુ ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્ત અન્વયે વિભાજનના નિર્ણયથી કાયદાથી ચુંટાયેલ ગ્રામ પંચાયતની નવીન બોડીનું ટુંકા સમયમાં વિસર્જન થાય છે. જે લોકશાહીની ભાવનાને અનુરૂપ નથી. તેથી કોઇપણ ગ્રામ પંચાયતનું વિભાજન કરવાની સમયમર્યાદા નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે ગ્રામ પંચાયતના વિભાજન અંગેની દરખાસ્તો કરવા નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

(૧) ગ્રામ પંચાયતની ચુંટણી થયા પછી એક વર્ષ બાદ વિભાજન અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(૨) ગ્રામ પંચાયતના વિભાજન અંગેની અરજી જે ગ્રામ પંચાયતના કુલ મતદારો ૫ ટકા મતદારોની સહીથી કરવાની રહેશે.

(૩) સરકાર દ્વારા ગ્રામ પંચાયતના વિભાજન અંગેની દરખાસ્ત પરત્વે નિર્ણય લેવાયા બાદ આવી દરખાસ્ત અંગે ૬ માસથી એક વર્ષના સમયગાળામાં પુનઃ વિચારણા કરી શકાશે. ત્યારબાદ આ અંગે વિચારણા કરવાની રહેશે નહિ.

...૨/-

(૪) આવી કોઇ અરજી પુનઃ વિચારણા માટે કરવાની હોય તો છ માસથી એક વર્ષની મુદતના સમયગાળાની હોવી જોઇશે. અને છુટછાટ માટે વિનંતી કરવામાં આવે તો તે અંગેના વ્યાજબીપણાની નોંધ પુરક માહિતી તરીકે દર્શાવેલી હોવી જોઇશે.

(૫) એક વર્ષ બાદ મળેલ અરજી અંગે નવેસરથી દરખાસ્ત કરવાની રહેશે, જે અંગે અરજીની તારીખે જે માપદંડ હોય તેના આધારે નિર્ણય કરવાનો રહેશે.

ઉપરોકત સુચનાનો અમલ કરવા આથી સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.બી. રાવત )
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેક્ટ ફાઇલ / નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.